અપીલ અરજી નં.૧૦૩ તા.૨૩–૭–૦૮

અરજદારઃ શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલ

સામાવાળાઃઆસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)

## હુકમઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલની આઈ ડી. નં.૨૨૫ તા.૫–૬–૦૮ ની અરજીથી બીજો બીપીએલ કાર્ડનો સર્વે સને ૨૦૦૭–૦૮ માં કરવામાં આવ્યો તેમાં કેટલા રૂપિયા ખર્ચ થયો, અત્યાર સુધી શું કાર્યવાહી થઈ, કેટલી કાર્યવાહી બાકી., અને કયારે પુરી થશે સર્વે માટે દૈનિક પત્રમાં કઈ જાહેરાત આપી, નમુનો આપો, હાલમાં બીજા સર્વે ૨૦૦૭–૦૮ માં કાર્ડની વહેંચણી ચાલે છે નાણાં ઉઘરાવવાની સત્તા સીડીએસને કોણે આપી વિ. ની માહિતી પૂરી પાડવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૨૩–૭–'૦૮ ની અપીલ અરજી નં.૧૦૩/૨૦૦૮–૦૯

શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલની આઈ ડી. નં.૨૨૫ તા.૫–૬–૦૮ ની અરજીથી બીજો બીપીએલ કાર્ડનો સર્વે સને ૨૦૦૭–૦૮ માં કરવામાં આવ્યો તેમાં કેટલા રૂપિયા ખર્ચ થયો, અત્યાર સુધી શું કાર્યવાહી થઈ, કેટલી કાર્યવાહી બાકી., અને કયારે પુરી થશે સર્વે માટે દૈનિક પત્રમાં કઈ જાહેરાત આપી, નમુનો આપો, હાલમાં બીજા સર્વે ૨૦૦૭–૦૮ માં કાર્ડની વહેંચણી ચાલે છે નાણાં ઉઘરાવવાની સત્તા સીડીએસને કોણે આપી વિ. ની માહિતી પૂરી પાડવા બાબતે નં.યુસીડી/૪૫૪ તા.૨૪–૬–૦૮ થી ઈ.ચા. ચીફ પ્રોજેકટ ઓફિસર અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપેલ મુદ્દાવાર માહિતી સામે આપેલ માહિતી અસંતોષકારક અને અધુરી હોઈ તે માંગેલ વિગતે પૂરી પાડવાની રજુઆત કરી એપેલેટ ઓફિસરને તા.૨૩–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૭૬ તા.૩૧–૭– ૦૮ ના રોજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી પૂરક વિગતો અત્રેના વિભાગને મળેલ નથી. પરંતુ અરજદારને પાઠવેલ માહિતી પત્રની નકલ મળેલ છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૫–૬–૦૮ ની આઈડી.નં.૨૨૫ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી ઈ.ચા.ચીફ પ્રોજેકટ ઓફિસર અને મ.જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં કરેલ રજુઆત જવાબ નહીં આપ્યા બરાબર છે અધૂરી અને સંતોષકારક નથી તેના સમર્થનમાં કોઈ આધાર કે વાજબીપણું રજુ કરી શકેલ નથી. તેમ છતાં અરજદાર ફાઈલનું ઈન્સ્પેકશન કરવા ઈચ્છતા હોય તો લાગત જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી દિન–૭ માં કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી તેમ કરી શકે છે અરજદારની માંગણી થયેથી આસી. કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી યુસીડી ધ્વારા હુકમની અમલવારી કરી પુર્તતા અહેવાલ અત્રે મોકલવા આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવેલ છે.

અરજદારને સમયમર્યાદામાં માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલમાંની અન્ય રજુઆતો અંગે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,(યુસીડી)..... જાણ તથા અમલ માટે

(૨) શ્રી ઈકબાલભાઈ મુસાભાઈ પટેલ,